## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




એન.સી.આર. વિષે કોઈ માહિતી મારી પાસે નથી... હું તો રાજકારણમાં આવતા પહેલા વી.સી.આર. ભાડે આપતો હતો... તેના વિષે કહી શકું...!!

## વાત-વાતમાં.....

● શહેરમાં મુખ્ય માર્ગો પર સ્ટોર્મ વોટર લાઈનના તુટેલા ઢાંકણ રિપેર કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી જે પૈકી ગ-૩ સર્કલે જ્યાં ફળફળાદિની લારીઓવાળા ઉભા રહે છે તે સે. ૫ના કોર્નર તરફ ગુડાના સાયકલ સ્ટેન્ડ આગળ ચેમ્બરનું નવું ઢાંકણ આશરે એકાદ મહિનાથી લાવીને ત્યાં મુકી દેવાયુ છે પરંતુ અગમ્ય કારણોસર તેને લગાડવામાં આવતુ નથી. ઢાંકણ લગાવ્યા વગર ચેમ્બર પર મુકી રાખ્યું હોવાથી તેનાથી વાહનચાલકોને બચાવવા બેરીકેટની આડશ ઉભી કરાઈ છે પરંતુ તે જ વાહનચાલકો માટે ખૂબ નડતરરૂપ બની રહ્યું છે.

● શહેરમાં શુભ પ્રસંગોનો સમયગાળો ચાલી રહ્યો છે. જેમાં લગ્ન તથા જનોઈના પ્રસંગોના આયોજનો જોવા મળી રહ્યાં છે. સેક્ટર-૨૫માં રહેતા એક પ્રાથમિક શાળાના આચાર્યના પુત્રની જનોઈના શુભ પ્રસંગે મહેમાનોને આપવામાં આવેલી આમંત્રણ પત્રિકા પર તેમણે "સ્વચ્છ ભારત અભિયાન" અને "બેટી બચાવો અભિયાન"નો લોગો છપાવી નિમંત્રણ સાથે સ્વચ્છતા અને બેટી બચાવોનો સંદેશ પાઠવ્યો છે.

● શહેરના સેક્ટર-૧૭માં પ્રદર્શન હોલ ખાતે આગામી માર્ચમાં તા. ૩ થી ૫ દરમ્યાન ફરી એકવાર સિરામિક એક્સ્પોનુ આયોજન કરવામાં આવ્યું છે. આ એક્સ્પોમાં દેશ-વિદેશની સિરામિક કંપનીઓ મોટી સંખ્યામાં જોડાશે તેમજ મોટી સંખ્યામાં મુલાકાતીઓ પધારશે તેથી તંત્ર દ્વારા પાર્કિંગ નિયમનની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે તે જરૂરી જણાઈ રહ્યું છે.

# ગાંધીનગર જિલ્લાના લિંબડીયા ખાતેથી ગુજરાત પોષણ અભિયાનનો આરંભ

### અભિયાનનો આરંભ ગૃહ રાજયમંત્રી પ્રદિપસિંહ જાડેજાના હસ્તે કરાયો



ગાંધીનગર, તા.૩૦

સરકારની શક્તિ સીમીત હોય છે, પ્રજાની શક્તિ અમાપ છે. પ્રજા પોતાની શક્તિ આવનારી પેઢી માટે ખર્ચે તો દેશના સુવર્ણ ભવિષ્યનું નિર્માણ કરી શકાશે, તેવું આજરોજ લીંબડિયા ગામ ખાતેથી સમગ્ર જિલ્લામાં ગુજરાત પોષણ અભિયાનનો આરંભ કરાવતાં ગૃહ રાજય મંત્રી શ્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું હતું.

પારદર્શિતા, નિર્ણાયકતા, સંવેદનશીલતા અને પ્રગતિશીલતા એ સરકારના ચાર આધારસ્તંભ છે. તેવું જણાવી ગૃહ રાજય મંત્રી શ્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, રાજયનું કોઈ પણ બાળક કુપોષિત ન રહે અને દેશ – રાજયની આવતીકાલને ઉજ્જવળ બનાવવા માટે ત્રણ વર્ષ માટે સમગ્ર રાજયમાં ગુજરાત પોષણ અભિયાન – ૨૦૨૦-૨૦૨૨ને શરૂ કરવામાં આવ્યું છે, તે સંવેદનશીલતાના આધારસ્તંભનું ઉત્તમ દષ્ટાંત છે.

વીઘા જમીનની કિંમત એક કે બે કરોડ રૂપિયા હશે, પણ ગામનું એક પણ બાળક કુપોષિત હોય તે ગામ પર કલંકરૂપ છે, તેવું કહી ગૃહ રાજય મંત્રી શ્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, ગામનું એક પણ બાળક કુપોષિત ન રહે તેની જવાદારી આપણા સૌની છે. ગામનું કોઈ પણ બાળક કુપોષિત હોય તો તેના પાલકવાલી થઈને પૂણ્યનું કામ કરવા અનુરોધ ઉપસ્થિત સર્વે લોકોને કર્યો હતો.

આ પ્રસંગે મંત્રી શ્રી પ્રદિપસિંહ જાડેજાના હસ્તે બાળકોને ચીકુના રસનું રસપાન કરાવીને અન્ન પ્રશાન વિધિનો આરંભ કરવામાં આવ્યો હતો. તેમજ બાળ તંદુરસ્તી અને વાનગી હરિફાઈના વિજેતા અને પાલકદાતાઓનું સન્માન અને ટેક હોમ રાસન કિટ્સનું વિતરણ પણ મંત્રીશ્રી અને મહાનુભાવોના હસ્તે કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં તાલુકા પંચાયતના પ્રમુખ શ્રી શોભનાબેન વાઘેલા, જિલ્લા કલેકટર શ્રી ડાં.કુલદીપ આર્ય, જિલ્લા વિકાસ અધિકારી શ્રી આર.આર.રાવલ, ગાંધીનગર પ્રાંત અધિકારી શ્રી એસ.એમ.ભોરણિયા, અગ્રણી શ્રી હિતેન્દ્રભાઈ પટેલ, લીંબડિયા ગામના સરપંચ શ્રી હર્ષદભાઈ પટેલ સહિત ગામના અગ્રણીઓ અને ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

## કોરોના વાયરસ

# ગાંધીનગરમાં વિશેષ કંટ્રોલ રૂમમાં ૩૦૦ કોલ્સ આવ્યા

### વિદ્યાર્થીઓના વાલીઓ સૌથી વધારે ચિંતિત

ગાંધીનગર,તા.૩૦

ચીનના કોરોના વાયરસે દેશ-દુનિયામાં ફફડાટ ફેલાવ્યો છે, ત્યારે રાજ્ય સરકાર દ્વારા સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર ખાતે એક વિશેષ કન્ટ્રોલ રૂમ શરૂ કરવામાં આવ્યો છે. આ કંટ્રોલરૂમને અત્યાર સુધીમાં કુલ ૩૦૦ જેટલા ફોન કોલ્સ મળ્યા છે, જેમાંથી ૧૦૦ ફોન કોલ્સ માહિતી માંગવા માટે આવ્યા હતા, જ્યારે અન્ય ૨૦૦ કોલ્સ ચીનમાં ભણી રહેલા વિદ્યાર્થીઓના સગા-સંબંધીઓ અને પરિવારજનો દ્વારા કરવામાં આવ્યા છે.

કોરોના વાયરસને લઈને ઈન્ડિયન એમ્બેસી દ્વારા કુલ ત્રણ હેલ્પલાઈન નંબર જાહેર કરવામાં આવ્યા છે તેમજ એક ઈમેલ એડ્રેસ પણ જાહેર કરવામાં આવ્યું છે.

ગુજરાતમાં ગાંધીનગર ખાતે શરૂ કરાયેલા સ્ટેટ કંટ્રોલ રૂમમાં અત્યાર સુધીમાં ૩૦૦ કોલ્સ આવ્યા છે, જેમાં સૌથી વધારે ઈક્વાયરી ઉત્તર ગુજરાતના બનાસકાંઠા અને સાબરકાંઠામાંથી આવી છે. જ્યારે મધ્ય ગુજરાતના અમદાવાદ અને બરોડામાંથી પણ સૌથી વધુ ઈક્વાયરી આવી રહી છે.

સૌથી વધારે કોલ ઉત્તર ગુજરાતના છે, મોટાભાગના કોલ ચીનમાં ભણી રહેલા વિદ્યાર્થીઓનાં પરિવારજનો અને વાલીઓ દ્વારા કરવામાં આવ્યા છે. વિદ્યાર્થીઓને કેવી રીતે ચીનથી ગુજરાત પરત લાવવામાં આવે તે મુદ્દે મદદ અને માહિતી કંટ્રોલ રૂમ પાસેથી માંગવામાં આવી રહી છે.

## ખૂણેખાંચરેથી

● રાજ્યના રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી આજે બાયસેગના માધ્યમથી રાજ્યના ખેડૂતો સાથે ૧૦.૩૦ થી ૧૨.૩૦ પ્રાકૃતિક ખેતી અંગે વાત કરશે.

● આજે જિલ્લા કલેક્ટર કુલદીપ આર્યના અધ્યક્ષસ્થાને કલોલ તાલુકાના ઉનાલી ગામે રાત્રિસભાનું આયોજન કરાયુ છે. જેમાં ૩૨ જેટલા અધિકારીઓ પણ હાજર રહેનાર છે.

● ઠંડીની સાથે ઠંડા પવનોનું જોર પણ યથાવત રહેશે તેમ જાણકારોનું માનવું છે.

● અધિક માહિતી નિયામક અરવિંદભાઈ પટેલને આંખનું ઓપરેશન કરાવ્યુ છે.

● ગાંધીનગર શહેરમાં આજે વસંતપંચમીને લઈ ઘણા લગ્નો યોજાયા હતા.

● આજથી શરૂ થયેલા પોષણ અભિયાનને લઈ જિલ્લાના અધિકારીઓ આખો દિવસ ગ્રામ્ય વિસ્તારના પ્રવાસે રહ્યા હતા.

# છેલ્લા ૬ માસથી નાસતા-ફરતા આરોપીને એલસીબી-૨ એ ઝડપી પાડ્યો

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર જિલ્લાના દહેગામ શહેરના શાસ્ત્રીનગર સોસાયટીના રહેણાંક મકાન અને મધુવન બંગ્લોઝમાં આવેલા ઘરમાં ગત તા.૩૧ જુલાઈના રોજ ચાર તસ્કરો ત્રાટકયા હતા.જેમાં ચોર ઈસમોએ શાસ્ત્રીનગર ખાતેથી રૂ.૩ લાખ અને મધુવન ખાતેથી રોકડ રૂ.૨૦ હજારની ચોરી થઈ હતી. આ કેસમાં નાસતા ફરતા ઈલ્લાસીંગ પંચમસિંગ ખિચ્ચી (ચીખલીગર) ને ગાંધીનગર એલસીબી-૨ એ ખંભાત પાસેથી પકડી પાડ્યો છે. જે તે સમયે ચોરી કરતા મકાન માલિક જાગી જતા હોહા બુમાબુમ કરતા ચાર પૈકી ત્રણ ચોર ઈસમો છટકી ગયા હતા. જ્યારે શેરસિંહ ચિખલીગર પકડાઈ ગયો હતો. તેની પુછપરછ દરમિયાન વધુ બે આરોપી શેરસિંહ ઈશ્વરસિંહ સરદાર (ચિખલીગર) તેમજ શેટ્ટીસિંહ બચ્ચુસિંહ સરદારને પોલીસે પકડી પાડ્યા છે. જ્યારે ચોથો આરોપી ઈલ્લાસિંગ છ માસથી નાસતો ફરતો હતો. જેને ગાંધીનગર એલસીબી-૨ એ પકડી પાડી દહેગામ પોલીસને હવાલે કર્યો હતો. પોલીસે પકડેલા આરોપીએ રખીયાલ પોલીસ મથક વિસ્તારના લિહોડા ગામથી બાઈક ચોરી કરી હતી તે બનાવમાં પણ તે નાસતો ફરતો હતો.

### પેથાપુર પોલીસ મથકમાં પ્રોહિના ગુનામાં નાસતો ફરતો આરોપી એલીસીબીએ ઝડપી પાડ્યો

ગાંધીનગર નજીક આવેલા પેથાપુર પોલીસ મથકમાં પ્રોહિ ગુનામાં છેલ્લા કેટલાક સમયથી નાસતા ફરતા આરોપીને ગાંધીનગર એલસીબી-૨ એ પકડી પાડ્યા છે. પેથાપુર માર્ચ -૨૦૧૯ માં રીક્ષામાંથી રૂ.૭૦ હજારનો વિદેશી દારુ પકડાયો હતો. આ કેસમાં દારૂ નો જથ્થો મંગાવનાર આરોપી પ્રમોદ ઉર્ફે લાલો રમેશભાઈ પરમાર (ઉં.વ.૨૪ સાબરમતિ) નું નામ ખુલ્યું હતું. છેલ્લા ૯ માસથી આરોપી આ કેસમાં નાસતો ફરતો હતો.ત્યારે ગાંધીનગર એલસીબી-૨ એ બાતમીને પગલે આરોપીને સાબરમતિ ખાતેથી દબોચી લીધો હતો. એલસીબીએ આરોપીની અટકાયત કરીને પેથાપુર પોલીસને સોંપ્યો હતો. પોલીસે આરોપી સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# હેલ્મેટ મરજિયાત જાહેરાતને હાઈકોર્ટે રદ બાતલ ઠેરવી

અમદાવાદ,તા.૩૦

ગુજરાત સરકાર દ્વારા ચોથી ડિસેમ્બરે કરેલી રાજ્યના શહેરોમાં હેલ્મેટ મરજિયાતની જાહેરાતને આજે ગુજરાત હાઈકોર્ટે રદ બાતલ ઠેરવી છે. રાજ્ય સરકારે ગુજરાત હાઈકોર્ટમાં સોગંદનામુ રજૂ કર્યુ હતું જેમાં હેલ્મેટ મરજિયાતનો પરિપત્ર કર્યો નથી અને કોઈ સત્તાવાર જાહેરાત પણ કરી નથી. ફરજિયાત છે તેવું કહ્યું હતું. ગુજરાતમાં નવા મોટર વ્હીકલ એકટની અમલવારી બાદ રાજ્યભરમાં ફાટી નીકળેલા વિરોધ વંટોળના કારણે રાજ્ય સરકાર દ્વારા ટુ-વ્હીલર ચાલકો માટે મહાનગરોમાં હેલ્મેટ પહેરવાની ઝંઝટમાંથી મુક્તિ આપવામાં આવી હતી અને હેલ્મેટને ફરજિયાતને બદલે મરજિયાત કરવામાં આવ્યું હતું. જો કે, તેની સામે ગુજરાત હાઈકોર્ટમાં થયેલી જાહેર હિતની રિટ અરજીમાં રાજ્ય સરકારે પોતાનું વલણ ફેરવી તોળતાં ગુજરાતની પ્રજામાં ઉગ્ર આક્રોશ ફેલાવા પામ્યો છે. રાજ્ય સરકાર તરફથી હાઈકોર્ટમાં સોગંદનામું રજૂ કરી સ્પષ્ટ કરાયું છે કે, ગુજરાતમાં હેલ્મેટ મરજિયાત કરતો કોઈ પરિપત્ર કરાયો નથી. ગુજરાતમાં હેલ્મેટ પહેરવું ફરજિયાત છે, મરજિયાત કરવામાં આવ્યું નથી. સરકારે એ વાતની સ્પષ્ટતા પણ કરી છે કે, ટુ-વ્હીલરમાં પાછળ બેસનાર વ્યક્તિએ પણ ફરજિયાત હેલ્મેટ પહેરવાનું રહેશે. સરકારના આ યુ ટર્ન બાદ લોકોમાં ભાજપ સરકાર સામે ભારોભાર નારાજગી સામે આવી રહી છે. ઉલ્લેખનીય છે કે, નવા મોટર વ્હીકલ એકટની અમલવારી બાદ ગુજરાતમાં હેલ્મેટના કાયદાનો બહોળા પ્રમાણમાં વિરોધ થઈ રહયો હતો. જેના કારણે રાજ્ય સરકારે શહેરી વિસ્તારમાં હેલ્મેટ પહેરવામાંથી વાહન ચાલકોને મુક્તિ આપી હતી. જેને લઈ હેલ્મેટ મરજિયાત કરવા બદલ હાઈકોર્ટમાં થયેલી જાહરે હિતની અરજી બાદ કોર્ટે રાજ્ય સરકારને નોટિસ ફટકારી હતી અને સોગંદનામુ રજૂ કરી પોતાનું વલણ સ્પષ્ટ કરવા તાકીદ કી હતી. જેના અનુસંધાનમાં સરકારે ઉપરોકત સોંગદનામુ કર્યુહતુ. અગાઉ, સેન્ટ્રલ મોટર વ્હીકલ એક્ટ ૨૦૧૯ના વિરુધ્ધમાં ગુજરાત સરકારે હેલ્મેટ પહેરવામાંથી મુક્તિ આપ્યા બાદ રોડ સેફટી કમીટી દ્વારા સુપ્રીમ કોર્ટને પત્ર પાઠવી જણાવ્યું હતું કે, તમામ રાજ્ય અને કેન્દ્ર શાસીત પ્રદેશ પાસેથી આ નવા મોટર વ્હીકલ એકટની અમલીકરણનો રિપોર્ટ મંગાવવામાં આવે. જેમાં રાજ્ય સરકારને કાયદામાં બદલાવ કરવાની કોઈ જ છુટ નથી

# નોવેલ કોરોના વાયરસનો ગુજરાતમાં એક પણ પોઝિટીવ કેસ નોંધાયો નથી

ગાંધીનગર, તા. ૩૦

રાજયના આરોગ્ય કમિશનર જયપ્રકાશ શીવહરેએ જણાવ્યું છે કે નોવેલ કોરોના વાયરસનો ફેલાવો ચીન સહિત વિશ્વના અન્ય ૧૭ દેશોમાં જોવા મળ્યો છે, ત્યારે ગુજરાતમાં કોરોના વાયરસનો એક પણ પોઝિટીવ કેસ નોંધાયો નથી, નાગરિકોએ ગભરાવાની સહેજ પણ જરૂર નથી. તમામ પ્રકારની આરોગ્ય સવલતો પૂરી પાડવા રાજ્યનું આરોગ્ય તંત્ર સુસજ્જ છે.

આજ ગાધીનગર ખાતે નોવેલ કોરોના વાયરસ સંદર્ભે રાજ્ય સરકાર દ્વારા હાથ ધરાયેલ કામગીરીની મીડિયાના મિત્રોને વિગતો આપતાં શીવહરે એ ઉમેર્યું કે, આ રોગના લક્ષણો સંદર્ભે બહારથી આવતા નાગરિકો સ્વયં જાણ કરે તે અત્યંત અનિવાર્ય છે. નાગરિકોને ત્વરિત સારવાર મળી રહે તે માટે અમદાવાદ એરપોર્ટ ખાતે ૨૪ કલાક સ્કીનીંગ માટે ટર્મિનલ-૨ ઉપર ૨૪ કલાક એક ડૉક્ટર તેમજ બે પેરા મેડીકલ સ્ટાફ સાથેની મેડીકલ ટીમ એમ્બ્યુલન્સ સાથે તૈનાત કરવામાં આવી છે. મેડીકલ ટીમની સાથે થર્મલ સ્કેનર, પી.પી.ઈ.કીટ, એન-૯૫ માસ્ક, થ્રી લેયર માસ્ક, ઓક્સિજન, ઈમરજન્સી દવાઓ તથા સેલ્ફ ડિક્લેરેશન અંગેના ફોર્મ રાખવામાં આવી છે. આ ઉપરાંત ૨૪૮૭ એડવાન્સ લાઈફ સપોર્ટ સાથેની એમ્બ્યુલન્સ રાખવામાં આવી છે. આ ઉપરાંત અમદાવાદ એરપોર્ટ ખાતે ટર્મિનલ ૧ તેમજ વડોદરા, સુરત અને રાજકોટ એરપોર્ટ પર પણ હેલ્થ એલર્ટ ડિસ્પ્લે કરવામાં આવી છે. કોરોના વાયરસ માટે સિવિલ હોસ્પિટલ, અમદાવાદને બેઝ હોસ્પિટલ બનાવવામાં આવી છે. જેમાં અધતન સાધનો અને દવા સાથેનો આઈસોલેશન વોર્ડ શરુ કરવામાં આવ્યો છે. આરોગ્ય કમિશનરશ્રીની કચેરી અને સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર(SEOC), ગાંધીનગર ખાતે કોરોના વાયરસ અંગે કંટ્રોલરૂમ કાર્યરત કરવામાં આવ્યો છે.

શીવહરેએ ઉમેર્યું કે ભારત સરકાર દ્વારા મળેલ સુચના અનુસાર અમદાવાદ એરપોર્ટ પર ચાઈના, હોંગકોંગ, સીંગાપુર, થાઈલેન્ડ, જાપાન અને સાઉથ કોરિયા દેશમાંથી આવતાં મુસાફરોનું સ્કીનીંગ કરવામાં આવી રહ્યું છે. સેટકોમનાં માધ્યમથી તમામ આરોગ્ય કર્મીઓને આ રોગ વિષે માહિતીગાર પણ કરવામાં આવ્યા છે અને વીડિયો કોન્ફરન્સના માધ્યમથી જિલ્લાકક્ષાના અધિકારીઓ સાથે આ રોગની સમીક્ષા કરવામાં આવ રહી છે. આઈ.એમ.એ.ના સહકારથી તમામ ખાનગી ડૉકટરોને સેન્સેટાઈઝ કરવામાં આવ્યા છે. ભારત સરકારના કેન્દ્રીય આરોગ્ય સચિવશ્રી, સ્પેશિયલ સેક્રેટરીશ્રી, ડાયરેક્ટર એન.સી.ડી.સી. જેવા ઉચ્ચ અધિકારીઓ દ્વારા નિયમિત ધોરણે વીડિયો કોન્ફરન્સ કરી માર્ગદર્શન આપવામાં આવે છે.

### બહારથી આવતા નાગરિકો સ્વયં રોગના ચિન્હોની જાણ કરે તે અત્યંત અનિવાર્ય તમામ પ્રકારની આરોગ્ય સારવાર પૂરી પાડવા રાજ્યનું આરોગ્ય તંત્ર સુસજ્જ

# અપોલો હોસ્પિટલ્સમાં પ્રજાસત્તાક દિવસની ઉમંગ અને ઉત્સાહભેર ઉજવણી




અપોલો હોસ્પિટલ્સ ઈન્ટરનેશનલ લિમિટેડ, ગાંધીનગરે ઉમંગ અને ઉત્સાહપૂર્વક ૭૧મા પ્રજાસત્તાક દિવસની ઉજવણી કરી હતી. અપોલો ઈન્સ્ટિટ્યૂટ ઓફ નર્સિંગના વિદ્યાર્થીઓએ સાંસ્કૃતિક ગીત અને નૃત્ય પ્રસ્તુત કરીને વિવિધતામાં એકતા પ્રદર્શિત કરી હતી. આ કાર્યક્રમમાં દર્શકો ઉત્સાહભેર જોડાયા હતા, જેમાં અપોલો હોસ્પિટલ્સ ફેમિલીનાં સભ્યો અને કિંમતી ગ્રાહકો સામેલ હતા. અહીં મુખ્ય અતિથિ સીનિયર કન્સલ્ટન્ટ અને એન્ડોક્રાઈનોલોજી વિભાગના હેડ ડૉ. રમેશ ગોયલે તિરંગો લહેરાવ્યો હતો. આ પ્રસંગે સીઓઓ અને યુનિટ હેડ ડો. વિશ્વદીપ ગોયલે અપોલો પરિવારના સભ્યો અને તેમના પરિવારજનો માટે પ્રિવેન્ટિવ હેલ્થ ચેક્સ શરૂ કરવાની જાહેરાત કરી હતી.

# વસંતપંચમી નિમિત્તે વિવિધ મંદિરોમાં વિશેષ પૂજા કરાઈ

ગાંધીનગર, તા. ૩૦

આજે વસંતપંચમીના પવિત્ર અને શુભ દિને ૧૭૫ વર્ષ બાદ મંગળ, શનિ અને ગુરૂ ગ્રહનો યોગ સર્જાવાની સાથે સાથે રાજયભરના મંદિરોમાં દેવી-દેવતાઓના વિશેષ સાજ-શણગાર, પૂજા-અર્ચના અને મહાઆરતી કરવામાં આવી હતી. ખાસ કરીને સરસ્વતી માતાજીના મંદિરોમાં માતા સરસ્વતીનું વિશેષરૂપે પૂજન કરાયું હતું. ગાંધીનગર જિલ્લાના ડભોડિયા હનુમાનજી મંદિર, પવિત્ર યાત્રાધામ શામળાજી સહિતના મંદિરોમાં પણ વિશેષ પૂજા-અર્ચના અને આરતી કરવામાં આવી હતી. તો, સ્વામિનારાયણ મંદિરોમાં શિક્ષાપત્રી જન્મોત્વસની ઉજવણી સાથે સરસ્વતી પૂજન સહિતના ભકિતસભર કાર્યક્રમો યોજાયા હતા. તો, બીજીબાજુ, વસંતપંચમીને લઈ આજે લગ્નપ્રસંગ સહિતના શુભપ્રસંગો પણ પાર પાડવામાં આવ્યા હતા. વસંતપંચમીના આ દિવસને દેવી સરસ્વતીજીના પ્રાકટ્ય દિવસ તરીકે ઉજવવામાં આવે છે. આ દિવસને વાગીશ્વરી જયંતી અને શ્રીપંચમી પણ કહેવામાં આવે છે. જ્યોતિષાચાર્યોના મતે, વસંત પંચમીએ બપોરે ૧-૩૦ વાગ્યાથી સર્વાર્થ સિદ્ધિનો અનોખો યોગ પણ સર્જાયો હતો. મંગળ સ્વરાશિ વૃશ્ચિકમાં, ગુરૂ સ્વરાશિ ધનમાં, શનિ સ્વરાશિ મકરમાં, શુક્ર મિત્ર રાશિ કુંભમાં, રાહુ-કેતુ પણ મિત્ર રાશિમાં આવ્યા હતા. ગ્રહોના યોગમાં વસંત પંચમીનું આવવું શુભફળમાં વૃદ્ધિ કરનાર મનાય છે. આ અગાઉ વસંત પંચમીએ ગ્રહોનો આવો યોગ ૧૭૫ વર્ષ પહેલાં સને ૧૮૪૫ના રોજ બન્યો હતો. તે સમયે મંગળ સ્વરાશિ વૃશ્ચિકમાં, શનિ સ્વરાશિ મકરમાં અને ગુરૂ પણ સ્વરાશિમાં હતો. ગુરૂ તે સમયે મીન રાશિમાં હતો. સાથે જ, આ વર્ષે વસંતપંચમીના આજના દિને અનોખો સર્વાર્થ સિદ્ધિ યોગ પણ સર્જાયો હતો. વસંતપંચમીના દિને દેવી સરસ્વતીજીના પૂજનનો વિશેષ મહિમા છે, તેને લઈ આજે અમદાવાદ શહેર સહિત રાજયભરના મંદિરોમાં વિશેષ પૂજા-અર્ચના ઉપરાંત, સરસ્વતી માતાજીની પૂજા-વંદના કરવામાં આવી હતી.

# કુડાસણ ખાતે ગાંધીનગર(દ)ના ધારાસભ્યની ઉપસ્થિતિમાં પોષણ અભિયાન કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર

ગાંધીનગર જિલ્લામાં આજથી ગુજરાત પોષણ અભિયાન-૨૦૨૦-૨૨નો આરંભ કરવામાં આવ્યો છે. આજથી આરંભ થયેલા આ ત્રિદિવસીય અભિયાનમાં ગાંધીનગર તાલુકાના કુડાસણ ગામ ખાતે ગુજરાત પોષણ અભિયાનનો કાર્યક્રમ ગાંધીનગર(દ)ના ધારાસભ્ય શંભુજી ઠાકોરની ઉપસ્થિતિમાં યોજાયો હતો.



આ પ્રસંગે ધારાસભ્ય શ્રી શંભુજી ઠાકોરે આંગણવાડીની મુલાકાત લીધી હતી. તેઓશ્રીના હસ્તે બાળકોને ચીકુના રસ પીવડાવીને અન્ન પ્રશાન વિધિનો આરંભ કરવામાં આવ્યો હતો. બાળ તંદુરસ્તી અને વાનગી હરિફાઈના વિજેતા અને પાલકદાતાઓનું સન્માન ધારાસભ્યશ્રી અને મહાનુભાવોના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે લોકોમાં જાગૃત્તિ લાવવાના ઉમદા આશયથી શાળાના બાળકો દ્વારા પોષણ અદાલત નું નાટય રૂપાંતરિત અને' વૃક્ષમાં બીજ તું' (અમૂલ્ય ૧૦૦૦ દિવસ) ફિલ્મનું નિદર્શન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમના આરંભે નાયબ જિલ્લા વિકાસ અધિકારી મનિષાબેન પટેલે મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું.

આ પ્રસંગે ગાંધીનગર તાલુકા પંચાયતના પ્રમુખ શ્રીમતી શોભનાબેન વાઘેલા, મધુર ડેરીના ચેરમેન શંકરસિંહ રાણા જિલ્લા વિકાસ અધિકારી આર.આર. રાવલ, કુડાસણ ગામના સરપંચ અંબાલાલ વર્ઘાભાઈ પટેલ સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યાં હતાં.

## વોક ઈન ઈન્ટરવ્યુ

એન.એચ.એમ. પ્રોગ્રામ અંતર્ગત કોર્પોરેશન પ્રોગ્રામ મેનેજમેન્ટ યુનિટ, ગાંધીનગર હસ્તકની ધી અર્બન હેલ્થ સોસાયટી ખાતે ૧૧ માસના કરાર આધારિત અને માસિક ફિક્સ મહેનતાણામાંથી મેડીકલ ઓફીસર / તબીબી અધિકારી (વર્ગ-૨)ની ૧ જગ્યા મેટીરથી ભરવાની હોઈ લાયકાત ધરાવનાર ઉમેદવારોએ નીચે જણાવેલ તારીખ, સમય અને સ્થળ પર હાજર રહેવાનું રહેશે.

| | |
|---|---|
| લાયકાત તથા અનુભવ | મેડીકલ ઓફીસર |
| જરૂરી લાયકાત | ગુજરાત મેડીકલ કાઉન્સીલમાં રજીસ્ટ્રેશન માન્યતા ધરાવતી સંસ્થામાં એમ.બી.બી.એસ. પાસ તથા ઈન્ટર્નશીપ પૂર્ણ તથા ગુજરાત મેડીકલ કાઉન્સીલનું રજીસ્ટ્રેશન કરેલ હોવું જોઈએ. |
| વય મર્યાદા | ૬૨ વર્ષથી નીચે |
| માસિક ફિક્સ વેતન | ૬૦,૦૦૦/- |

પસંદગી અંગેની તેમજ ઈન્ટરવ્યુ અંગેની તમામ સત્તા નીચે સહી કરનાર અધિકારીશ્રીને અબાધિત રહેશે. ઉપરોક્ત માન્ય લાયકાત અને અનુભવ ધરાવતા ઉમેદવારે સ્વઅક્ષરે અરજી પત્રક તથા જરૂરી તમામ ડૉક્યુમેન્ટ્સ સાથે નીચે જણાવેલા સરનામે હાજર રહેવાનું રહેશે.

**હાજર રહેવાનું સ્થળ અને સમય**
ધી અર્બન હેલ્થ સોસાયટી, ગાંધીનગર મહાનગર પાલીકા, પ્રથમ માળ, એમ.એસ. બિલ્ડીંગ, સેક્ટર-૧૧, ગાંધીનગર
સમય : ૨-૦૦ કલાકે, તારીખ : ૪/૨/૨૦૨૦

**સ્થળ : ગાંધીનગર**
**તા. ૨૯/૧/૨૦૨૦**
**માહિતી/૨૧૭૫/૧૯-૨૦**

**મેમ્બર સેક્રેટરી (યુ.એચ.એસ.) અને**
**મેડીકલ ઓફીસરશ્રી (આરોગ્ય)**
**ગાંધીનગર**